સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

તક મળે ઝડપી લે છે કોઇ કોરૂં નથી!
લાગ્યા હાથ ગોલમાલના કોઇ ગોરૂં નથી!
મ્હોરૂં મ્હેરી હરિશ્ચંદ્રો થાય સત્યવાદી -
સમજે છે શાનમાં પ્રજા - કોઇ છોરૂં નથી!
(૧૭૦૦ કરોડનું જમીન કૌભાંડ)

પીધાં છે ઝેર,
'શંકરે' ખાયકીનાં -
થ્યા નીલકંઠ!

એન્કૌંટર થી,
થયો સફળ સુયોગ -
યોગાનુયોગ

ચિંતન

જન્મનિ કલેશ બહુલે કિં નુ દુખમતઃ પરમ્ ।
ઇચ્છા સંપદ્યતો નાસ્તિ યથેચ્છા નિર્વતતે ॥

'આ પૃથ્વી પર માણસને કલેશરુપી શરીર સાથે જન્મ મળ્યો એ જ મોટું દુઃખ છે. તેનાથી બીજું વિશેષ દુઃખ ક્યું હોઇ શકે? તેમાં પણ માણસ વળી 'ઇચ્છાઓ' કરે છે. આ ઇચ્છાઓને તૃપ્ત કરી શકે એટલી અને એવી સંપત્તિ દુનિયાભરમાં ક્યાંક છે જ નહીં; કારણ કે ઇચ્છા કોઇ દિવસ, કંઇ પણથી તૃપ્ત થતી નથી. માટે ઇચ્છાનું શમન કરવું - તેના પર અંકુશ રાખવો એ જ મોટી સંપત્તિ છે.'

જન્મ પછી બહુ જ ઓછો સમય બાળક ઇચ્છા-અપેક્ષા-માગણી વિના રહી શકે છે. બે કે ત્રણ મહિના પછી તરત જ 'ધાવણ' અને 'મા'ની કૂખ માટેની માગણી માટે આક્રંદ કરતું થઇ જતું બાળક, મૃત્યુની ક્ષણે 'ગંગાજળ' ને બદલે કોઇ સૂચના-ઇચ્છા-અપેક્ષા કંઇ બોલવાની સમજાવવાની શક્તિ ન હોય છતાં 'ઇશારા' કરતો મરે છે. જન્મ એ જ કષ્ટ કલેશ છે.

જન્મ-મરણમાંથી મુક્તિ મેળવવા 'સંતોષ'નું આત્મજ્ઞાન અને સંયમની લગામ જરુરી છે. ચોર્યાસીના ચક્કરમાંથી મુક્તિ એટલે જન્મ-મરણમાંથી મુક્તિ.

સુવિચાર

- મૌન રહેવાથી લાભ થાય છે.. વધુ પડતું બોલીને આપણે અનેક સમસ્યા સર્જતા હોઇએ છીએ.. તિરસ્કાર પણ મૌન દ્વારા દર્શાવો - બર્નાડ શો
- મનની શાંતિનું મૂલ્ય સંપત્તિ અને સ્વાસ્થ્ય કરતાં ઘણું વધારે છે - એસ. ભટ્ટાચાર્ય
- પાપ પરિપક્વ ન થાય ત્યાં સુધી મીઠા લાગે છે.. પણ પાપ પાકવા માંડે એટલે બહુ દુઃખ આપે છે.. - બુદ્ધ
- ઝઘડો જ માંડવો હોય તો માણસ સાથે નહીં પણ, કામ, ક્રોધ અને અદેખાઇ સાથે માંડજો - ચંદ્રકાન્ત બક્ષી
- ધર્મનું લક્ષ્ય છે પરમ તત્ત્વનો સાક્ષાત્કાર - ધર્મસૂત્ર
- પુસ્તક વાંચતા નવી દિશા ખૂલે છે... જે લોકોને કંઇક નવું કરવું છે.. જેઓ પરમશાંતિની શોધમાં છે તેઓ માટે પુસ્તકો સાચા મિત્રો બની રહે છે - અખંડ આનંદ
- પરમાત્મા એક છે.. ને તેને એકતા ગમે છે.. - મહંમદ પયગંબર

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

આપણે ઘણીવાર ખરાબ પુસ્તક, કોઇ વ્યાખ્યાનકાર - કોઇ સાંપ્રદાયિક વિચારક - ચિંતક કોઇ સંકુચિત કટ્ટરવાદીની ઉગ્રવાણીથી પ્રેરાઇ આપણા મગજમાં ભૂસું ભરીએ છીએ. ઘરપરિવારમાં પણ - ખટપટ - નિંદા - કાનાફૂંસી કંકાસનું કારણ બને છે. સાંભળવું બધાનું નિર્ણય આપણી વિચારશક્તિ મુજબ હોવો જોઇએ.

એક ગરીબ શિક્ષકના જોડાના તળીયાં ઘસાઇ ગયાં હતા નવા ટાયરના નાખવાનાં હતા. શિક્ષક બુદ્ધિમાન-વિદ્વાન હતા અને એટલે જ ગરીબ હતા. મોચી પાસે ગયા. કહ્યું મારી પાસે આ એક જ જોડી છે એટલે તમે મને આજને આજ રીપેર કરી આપો તો સારું!

મોચી કહે - સાહેબ, તમે સાંજે આવ્યા છો એટલે હવે આજ ને આજ તો ન થાય કાલ લઇ જજો!

શિક્ષક કહે - પણ સવારે મારી સ્કૂલ છે!

મોચી કહે - મારી પાસે એક રીપેર કરેલા તમારા માપના, જૂના બૂટ છે એ પહેલી લ્યો!

શિક્ષક કહે - અરે તું મને શું સમજે છે?

હું કોઇના ઉતરેલા-વાપરેલા બૂટ, મારા પગમાં પહેરું?

મોચી કહે સાહેબ તમે વાંચી વાંચી - સાંભળી તમારા મગજમાં ગમે તેવા બીજાના વિચારો ભરો છો એમાં તમને વાંધો નથી આવતો અને બીજાના જોડા પહેરવામાં શું તકલીફ થાય છે?!

શિક્ષક જવાબ સાંભળી સડક થઇ ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

એકવીસ જૂન : ભારતીય યોગ વિશ્વ ફલકે

પ્રસંગસર

- ભગવાનભાઈ કા. ગોહેલ

સંસારનાં તાપથી સંતપ્ત થયેલ મનુષ્ય માટે કેવળ યોગ જ પરમ ઔષધ છે. ગરુડ પુરાણ યોગનો ઈતિહાસ પાંચ હજાર વર્ષ જૂનો છે અને તે ઋષિ પરંપરાથી ચાલતો આવે છે. યોગે વિશ્વે ભારતની સાંસ્કૃતિક ભેટ છે. યોગ શાસ્ત્ર તો મહાસાગર છે. તેમાં આપણી સાત જીંદગી પણ ઓછી પડે છે. 'આપણા શાસ્ત્રોની બહાર કંઈ જાણવા જેવું નથી અને જે જાણવા જેવું છે તે આપણાં શાસ્ત્રોમાં જ છે.' આટલાં ભારપૂર્વકનાં શાસ્ત્રોનાં શબ્દો ઘણું બધું કહી જાય છે. આ ખજાનો આપણી પાસે હોવા છતાં માનસિક શાંતિ અને શારીરિક તંદુરસ્તીની ખોજ માટે આપણો કસ્તુરી મૃગની જેમ બહાર (વિદેશોમાં) ફાફા મારીએ છીએ. હજારો વર્ષનો યોગ અને આયુર્વેદનો વારસો આપણે ધરાવતાં હોવા છતાં આપણને તેનો ગર્વ કે અભિમાન નથી. અનેક શોધખોળનાં ભંડાર એવા શાસ્ત્રોને આપણે ભૂલી ગયા છીએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાની મુલાકાત દરમિયાન અમેરીકન પ્રમુખ ઓબામાને ભારતીય યોગની વૈજ્ઞાનિકતાં અને માનવ કલ્યાણ કરવાની તેમાં છુપાયેલા શક્તિ અને ક્ષમતાને પીછાણતાં યોગને ઓબામા દ્વારા થયેલ સ્વીકૃતિનો વિશ્વ ફલક પર પ્રભાવ પડવાની અને ૨૬ સપ્ટેમ્બર - ૧૪માં સંયુક્ત રાષ્ટ્ર સંઘની સભામાં સંબોધતા નરેન્દ્ર મોદી દ્વારા યોગને વૈશ્વિક ફલક પર માન્યતા પ્રાપ્ત કરવાની દરખાસ્ત કરતાં, સંયુક્ત રાષ્ટ્રના ૨૧૦ દેશોમાંથી પચાસ મુસ્લિમ દેશો સહિત ૧૭૭ રાષ્ટ્રોએ યોગને વૈશ્વિક સ્વીકૃતિ આપતાં ૧૧ ડિસેમ્બર-૧૪ના દિવસે સંયુક્ત રાષ્ટ્રે ૨૧ જૂનને 'વિશ્વ યોગ દિવસ' તરીકે સ્વીકૃતિ આપતાં, ભારતીય સંસ્કૃતિનાં ભાગ રુપ 'યોગ' ને વૈશ્વિક અનુમોદન મળેલ છે. જે આપણા રાષ્ટ્ર માટે આપણાં સૌ માટે ગોરવની વાત છે.

યોગની વાત આવે અને પતંજલિને ભૂલી જવામાં આવે તે પાયાની વાતને ભૂલી જવા બરાબર છે. પંતજલિનાં અષ્ટાંગ યોગમાં યમ, નિયમ, આસન, પ્રત્યાહાર, પ્રાણાયામ, ધ્યાન, ધારણા અને સમાધિ સહિત આઠ સાધના પદ્ધતિ છે. જે તન અને મનને સ્વસ્થ બનાવે છે. યોગ શરીરને રોગમુક્ત અને માનસિક તનાવમાંથી મુક્ત કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. હાલની હાડમારી વાળી જિંદગીમાં માણસને તનાવ મુક્ત થવાની ખાસ જરુર છે. ત્યારે જ યોગને વૈશ્વિક રીતે માન્યતા મળી છે એ યોગાનુયોગ છે. આજકાલ માણસો સતત તાણ અનુભવે છે અને માનસિક તાણનાં કારણે અનેક નવા નવા રોગોને સામેથી નોતરે છે. આ તમામ અનિચ્છનીય પરિસ્થિતિમાંથી બહાર લાવી સાચુ નિરામય જીવન પ્રાપ્ત કરવાનો એક માત્ર ઉપાય એ 'યોગ' છે. દરેક રોગની એક જ દવા જેવું કામ યોગ કરે છે. યોગ ભગાવે રોગ - દરેક રોગ માટેનાં અલગ અલગ આસનો અને અલગ અલગ પદ્ધતિ અપનાવવાથી રોગમાં રાહત થાય છે અને ધીમે ધીમે રોગ ભાગે છે. કબજીયાત, વાયુની તકલીફ, એસીડીટી, ડાયાબિટીશ, સાંધાના અને કમરના દુઃખાવા જેવા અનેક રોગોમાં યોગ ફાયદાકારક છે. નિયમિત યોગાસનો કરવાથી શ્વસનતંત્ર, જ્ઞાનતંત્ર અને રૂધિરાભિષણતંત્ર સુવ્યવસ્થિત રીતે કાર્ય કરે છે. તેનાથી લોહીની ગતિમાં તીવ્ર ફેરફાર થાય છે અને લોહીની શુદ્ધિમાં સહાયતા મળે છે. જે શરીર તંદુરસ્ત રાખવામાં અગત્યનો ભાગ ભજવે છે. નિયમિત યોગાસનો કરવાથી શરીરમાં નિર્ભયતા, દૃઢનિર્ણય શક્તિ, શૌર્ય, કોમળતાં જેવા અનેક સદ્‌ગુણોનો વિકાસ થાય છે. સરવાળે પૂર્ણ પ્રસન્ન રહેવાથી રોગને શરીરમાં પ્રવેશવાનો અવકાશ રહેતો નથી. શરીરનાં અંગોને તંદુરસ્ત રાખવા તથા શારું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા જેમ શુદ્ધ ખોરાક, શુદ્ધ હવા અને શુદ્ધ પાણીની જેટલી જરુર છે તેટલી જ શરીર તન-મન-સ્વસ્થ રાખવા યોગની જરુર છે. વ્યક્તિ કેટલી સમૃદ્ધિથી જીવે છે તેનાં કરતાં એ અગત્યની બાબત છે કે તે વ્યક્તિ કેટલી શાંતિ અને પ્રેમથી જીવે છે.

યોગનો પ્રચાર કરવામાં વર્ષોથી ઘણીબધી સંસ્થાઓ સંકળાયેલ છે. જેમાં મુંબઈના યોગ ગુરુ આયંગર સાહેબ અને રવિશંકર મહારાજનું પણ યોગદાન છે જ પણ હંમેશાં રાજકીય વિવાદોમાં સંકળાયેલાં રહેતા બાબા રામદેવ બે દાયકાથી દેશમાં અને વિદેશોમાં યોગની શિબિરો દ્વારા પ્રચાર કરીને સામાન્ય લોકોને યોગની સાચી સમજ અને ઉપયોગીતા પ્રસ્થાપિત કરવામાં સફળ થયેલ છે અને સામાન્ય માણસોને યોગ પ્રેમી બનાવી દીધા છે. એ જ રીતે યોગ સહિત આયુર્વેદને પણ વિશ્વ સમક્ષ રજૂ કરવામાં બાબા રામદેવ સફળ થયેલ છે. એ હકીકત સ્વીકારવી જ રહી. એ અલગ બાબત છે કે ૨૧ જૂનના યોગ દિવસમાં રાજકીય રીતે તેમનું નામ નથી આવતું. હવે એ વાત સ્પષ્ટ છે કે યોગ બહુ જલ્દી વૈશ્વિક સંસ્કૃતિનો એક હિસ્સો બનશે. આ બાબત દરેક ભારતીય માટે ગૌરવ લેવા જેવી વાત છે. જે રીતે ગાંધીજીનાં સત્ય અને અહિંસાના સિદ્ધાંતને વિશ્વે સ્વીકારેલ છે અને ૨ ઓકટોબરનાં દિવસને 'અહિંસા દિવસ' તરીકે માન્યતા આપેલ છે એ જ રીતે યોગ દ્વારા વિશ્વ શાંતિનો માર્ગ પ્રસ્થાપિત થશે. હાલમાં વિશ્વ અપરાધ, હિંસા અને આતંકવાદના રોગથી પીડાય છે તેમાંથી મુક્ત થશે તેવી આશા અસ્થાને નથી.

વિદેશોમાં પણ અનેક દેશોમાં યોગનાં વર્ગો શિબિરો ચલાવવામાં આવે છે, આપણા કરતાં તેઓએ યોગની ઉપયોગીતા અને તેનાં દ્વારા થતા ફાયદાઓની વધુ માહિતી છે અને તેની વૈજ્ઞાનિક રીતે ચકાસણી કરી છે અને તેનાં કારણે જ તેઓને યોગને હોંશભેર અપનાવી લીધેલ છે અને સાથે સાથે યોગને એક બજાર બનાવી દીધેલ છે. અમેરિકા જેવા દેશમાં દોઢ કરોડ જેટલાં લોકો યોગ કરતાં હોય એ જ તેની મહત્તા દર્શાવે છે. અમેરિકા સહિતનાં અન્ય દેશો જે રીતે આદુ, હળદર અને લીમડાની કે તુલસીની પેટન્ટ કરાવવા માંગે છે એ જ રીતે યોગની પણ પેટન્ટ કરાવવા માંગે છે. જયારે ઘરઆંગણે આપણે યોગ તરફ સંપૂર્ણ દુર્લસ સેવી રહ્યા છીએ. દુઃખદ બાબત તો એ છે કે જયારે યોગને વૈશ્વિક માન્યતા મળી છે તેનાથી ગર્વ લેવાનાં બદલે આપણાં નિષ્ફળ રાજકારણીઓ યોગ દિવસની ઉજવણીને રાજકીય નૌટંકી કહેવા સુધી જઈ રહ્યાં છે. જેમ રાજકીય રીતે સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષ હોય છે અને બંનેની ભૂમિકા એકબીજાથી તદ્દન સુલ્ટી હોય છે. સારા કામનો પણ વિરોધ કરવો એ જ તેમની ભૂમિકા હોય છે. કંઈક એવી જ રીતે અમુક મુસ્લિમ સંસ્થાઓ યોગને હિન્દુ ધાર્મિકતાં સાથે જોડીને તેનો વિરોધ કરી રહી છે. અમેરિકામાં પણ કટ્ટર ખ્રિસ્તીઓએ યોગનો વિરોધ કરેલ અને તેને કોર્ટમાં પડકારેલ ત્યારે કોર્ટનું અવલોકન એવું હતું કે યોગ કોઈ ધાર્મિક કે આધ્યાત્મિક વાડાથી મુક્ત છે એટલે કે યોગને કોઈ ધાર્મિકતા સાથે સંબંધ નથી એમ પ્રતિપાદિત કરેલ. યોગ અને શારીરિક સ્વાસ્થ્ય સાથે સંકળાયેલ છે. કોઈએ તેનો લાભ ન લેવો હોય એ અલગ વાત છે. એ સારી બાબત છે કે અન્ય મુસ્લિમ સંસ્થાઓએ ધર્મગુરુઓએ યોગનું મહત્ત્વ સમજીને તેને સ્વીકારેલ છે. દેશમાં બહારથી ઘણા બધા આવ્યા છે. પારસીઓ, ખ્રિસ્તીઓ વગેરે આવ્યા છે. તેમણે રાષ્ટ્રીયતાં સામે કયારેય વાંધો ઉઠાવેલ નથી. હાં, હંમેશા મુસ્લિમોને જ વાંધો પડે છે એ હકીકત છે. સમય સાથે જે કદમ મિલાવે છે એ પ્રગતિનાં સોપાન સર કરે છે. જો કોઈ ધાર્મિક કારણો આગળ કરીને પણ વિરોધ કરતાં હોય તો આજનાં અતિ આધુનિક ઉપકરણોનો પણ કોઈ સંજોગોમાં ઉપયોગ જ ન કરી શકે. લોટ પણ ફાકવો છે અને ભસવું પણ છે એ બંને બાબતો શક્ય નથી. આશ્ચર્ય પમાડનાર બાબત એ છે કે યોગના પ્રાચીન ગુરુ પતંજલિનું જન્મસ્થળ પાકિસ્તાનના મુલ્તાનમાં છે. જેનો તેમણે ગર્વ લેવો જોઈએ. કટ્ટરવાદી પાકિસ્તાનમાં વિરોધ હોવા છતાં પણ ત્યાં યોગ થાય છે અને તે પણ મુસ્લિમ ગુરુ દ્વારા. તેઓ કહે છે કે આ રાજકીય વિરોધ છે. યોગને કોઈ ધર્મ સાથે સાંકળી શકાય નહીં. તે ધાર્મિક નહીં પણ શરીર સ્વાસ્થ્ય માટેની વૈજ્ઞાનિક પદ્ધતિ છે. યોગ એ ધાર્મિક તથ્યો ઉપર આધારિત નહીં પણ વૈજ્ઞાનિક તથ્યો ઉપર આધારિત છે.

ભારતનો યુવાન જો ભારતીય પરંપરાને અમલમાં મૂકે તો યોગ દ્વારા સાચા અર્થમાં વિશ્વને શાંતિનો પૈગામ આપી શકે તેમ છે અને આજનો યુવાન જો ટી.વી., લેપટોપ, મોબાઈલમાંથી થોડો સમય યોગને ફાળવે તો તે તેનાં સ્વાસ્થ્ય માટે આખી જિંદગીનું ભાથું ભેગું કરી શકે તેમ છે.

ધર્માર્થકામ મોક્ષાણામારોગ્ય મૂલમુતમમ્ ॥ - ચરક સૂત્ર

ધર્મ,અર્થ, કામ અને મોક્ષનું મુખ્ય કારણ આરોગ્ય જ છે. જેવી રીતે ચાલક ગાડીની રક્ષા કરે છે તથા પશુપાલક પશુઓની રક્ષા કરવામાં સાવધાન રહે છે. તેવી જ રીતે બુદ્ધિમાન વ્યક્તિએ પોતાના શરીરની રક્ષા કરવામાં હંમેશા સાવધાન રહેવું જોઈએ.

કવિતા જડમાં ચૈતન્ય પૂરી દિવ્યપ્રકાશ પ્રગટાવવાનું કામ કરે છે

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

● સાહિત્ય અવસરસેતુ

પાટનગર ગાંધીનગરની સાહિત્યક્ષેત્રે એકમાત્ર સક્રિય એવી સંસ્થા - ગાંધીનગર સાહિત્ય સભા ગરવી ગુજરાતી ભાષાના અમોલ સાહિત્યને પળેપળ જીવંત ધબકતું ને ધમકતું રાખવા તથા તેની ફોરમને ચોમેર પ્રસરાવવા સાહિત્યિક અને શૈક્ષણિક કાર્યક્રમો યોજી, સાહિત્યકારોની સાહિત્યખેડાણની ઉપજનો લાભ આપી, સાહિત્યિક ક્ષેત્રે યત્કિંચિત ફાળો આપે છે, જે અન્વયે 'સર્જકની કેફિયત' કાર્યક્રમ અંતર્ગત; તા. ૧૪-૬-૨૦૧૫ ને રવિવારના રોજ; જાણીતા બાલસાહિત્યકાર વકતવ્ય અને સ્વમુખે કાવ્ય-ગઝલ પઠનનો કાર્યક્રમ તેમની આગવી શૈલી અને અનોખી વાણીમાં, ભરત કવિની અધ્યક્ષતામાં સિનિયર સિટીઝન કાઉન્સિલના સદ્‌ભાવથી તેમના કાર્યાલયમાં એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે સુપેરે સંપન્ન થયો.

આ મનભાવન કાર્યક્રમની શરુઆતમાં શબદની સંગિની અને આરાધ્ય દેવી - મા સરસ્વતીના સ્તુતિ, મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા, સર્વેના ધબકતા કર્ણમધુર સૂરોના સથવારે કરવામાં આવી. અધ્યક્ષ ભરત કવિ દ્વારા કવિ ફિલિપ કલાર્કનું શાબ્દિક સ્વાગત કરી, હેતાવળવા ઉમળકાથી આવકાર્યા અને તેમનાં સાહિત્ય ખેડાણથી સર્વેને વાકેફ કરી, તેમના સાહિત્ય સર્જન - કાવ્યસંગ્રહ ગીતગઝલ સંગ્રહ, બાળકાવ્ય સંગ્રહ, હાસ્ય વ્યંગ સંગ્રહ, બાળવાર્તાઓનાં સંગ્રહ લઘુકથા સંગ્રહ એમ આશરે ૩૮ જેવા માતબર પ્રકાશિત પુસ્તકો વિષેની માહિતી આપી, ઓળખાણનાં ઓજસ પાથર્યા... ત્યારબાદ સંસ્થાવતી ચંદ્રકાન્ત ધનેશ્વર દ્વારા પુષ્પગુચ્છથી અને ડૉ. સોમબાઈ પટેલ દ્વારા પુસ્તક પરિમલથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ, જૂન માસમાં જે સભ્યશ્રીઓનાં જન્મદિન આવતા હતા, તેવા - ૨૫ સભ્યોની નામાવલિ મંત્રી મૂલજીભાઈ પરમાર દ્વારા રજૂ કરવામાં આવતાં, હાજર સર્વે તરફથી દરેકને શુભકામનાઓ સહ મુબારકબાદી પાઠવવામાં આવી.

'સર્જકની કેફિયત' અંતર્ગત કાર્યક્રમોનો શુભારંભ કરતાં, ગઝલકાર અને ગીતકાર ફિલિપ કલાર્ક દ્વારા નવસર્જકોની જાણ માટે કવિતા બાબતેની માહિતી રજૂ કરતાં જણાવ્યું કે 'કવિતા એટલે સાધારણી કૃત માનવ અનુભવની કલ્પનાત્મક અને લયાન્વિત વાણીમાં અભિવ્યક્તિ. કવિતા આત્માની કલા અને સંસ્કૃતિની નિપજ હોઈ, માણસને માનવી બનાવી, નિકટતા સર્જે છે. કવિતાના શબ્દો માનવ વાણીનું શ્રેષ્ઠ સ્વરુપ છે. કુદરતે સૃષ્ટિ શાશ્વત ભાવનાઓ, સૌંદર્યો, ભવ્યતાઓ, અને રહસ્યોથી ભરી દીધી છે; જેમાં રહેલી ભાવનાઓ ખૂબ જ થોડા શબ્દોમાં કહેવાયેલ કવિતા જડમાં ચૈતન્ય પૂરી દિવ્યપ્રકાશ પ્રગટાવવાનું કામ કરે છે. સાહિત્યનું કોઈ પણ સર્જન હોય, પણ એમાં માનવ જીવનનાં ગૂઢ રહસ્યો આલેખવાનાં હોય છે. સનાતન સત્ય અને કુદરતી ક્રમનું વર્ણન એ કવિતા નથી. દા.ત. 'શિયાળે શીતળ વા વાય. પાન ખરે ઘઉં પેદા થાય.'' આ કવિતા નથી, કુદરતી ક્રમમાત્ર છે, પણ 'રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો, મુકામ એણે વનમાં જમાવ્યો.' આ કવિતા છે. કવિતા લખનાર કરતાં કવિતા સમજનારનો દરજ્જો ઊંચો છે, જેનામાં હૈયું, અભિરૂચિ અને જ્ઞાન હોય છે.'

'ભાષાની વાત કરીએ તો અંગ્રેજી વહીવટની ભાષા છે, હિન્દી તખ્તાની ભાષા છે; જયારે ગુજરાતી એ કલા અને સંસ્કૃતિની ભાષા છે, કવિતાને અનુરુપ ભાષા છે.'

આ કવિશ્રી - ગઝલકાર અને બાલસાહિત્યકાર ફિલિપ કલાર્કના મુખે તેમની કવિતા - ગઝલ પઠનને માણીએ તે પહેલાં તેમના વિષે આછરતી માહિતી મેળવીએ.

ફિલિપ કલાર્કનો જન્મ ખેડા જિલ્લા સામરખા ગામે, એક ધર્મપ્રિય ખ્રિસ્તી કુટુંબમાં તા. ૨૩-૧૨-૧૯૪૦ના રોજ થયો હોત. તેમણે પ્રા. શિક્ષણ મેળવી. બી.એ. હિન્દી વિનીતની ઉપાધિ મેળવી. તેઓ પીટીસી થઈને સૌ પ્રથમ શિક્ષક તરીકે જોડાયા અને ત્યારબાદ કલેકટર કચેરી, ખેડામાં કલાર્ક તરીકે જોડાઈને; છેલ્લે સરકારી મધ્યસ્થ પ્રેસ ગાંધીનગર ખાતેથી સીની. કલાર્ક તરીકે નિવૃત્ત થયા.

ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિના સભ્ય તરીકેનો કાર્યભાર છેલ્લા ૧૨ વર્ષથી તેઓ સંભાળી રહ્યા છે. ગુજરાત સાહિત્ય અકાદમીમાં બાળસાહિતયના પરામર્શક તરીકે પણ સેવાઓ આપી રહ્યાં છે. તેમણે ખ્રિસ્તી સમાજના સામયિક 'દૂત'માં ૨૦ વર્ષ માટે કાવ્ય સંપાદક તરીકે તેમનો ફાળો આપી, કવિ તરીકેની ઉજવળ છાપ અંકિત કરી છે. તેઓ આકાશવાણી અને દૂરદર્શનના માન્ય કવિ છે.

કલાર્કે તેમની સાહિત્ય યાત્રાની શરુાત સને ૧૯૮૧-૮૨માં કરી અને પ્રથમ કાવ્યસંગ્રહ 'ટહુકી રહ્યું ગગન'માં ગુર્જરીને ચરણે અર્પણ કર્યો. ત્યારબાદ તેમની સાહિત્યયાત્રા અને સાહિત્ય ખેડાણ અવિરત ચાલુ જ રહ્યું છે. તેમણે (૧) ટહુકી રહ્યું ગગન (૨) સૂરથી ગાજે વન (૩) ઝરી રહ્યું જીગર (૪) રેશમી રૂમાલમાં (૫) તે પહેલાં (૬) એકાંતના ખરલમાં (૭) હવાના હોઠ પર જેવા કાવ્યગીત ગઝલ સંગ્રહો આપ્યા છે; જયારે (૧) રચનાઓ રસાસ્વાદ (કાવ્યાસાદ - ૨૦૦૬) (૨) એક ગઝલ (ગઝલ આસ્વાદ) (૩) કાવ્યગુંજન (બાળકાવ્ય આસ્વાદ) (૪) મોર્નિંગ વોક (હાસ્ય વ્યંગ) (૫) નમણી નજાકત (ફૂલ પરના શેરનો આસ્વાદ) જેવા આસ્વાદ પુસ્તકો અને 'બારી' લઘુકતા સંગ્રહ તથા (૧) રમતાં રમતાં રાત પડી (બાળકાવ્યો) (૨) રિમઝિમ રિમઝિમ (બાળગીત) (૩) છીએ તે જ ઠીક (બાળવાર્તા) (૪) પલપલિયાં (બાળકાવ્યો) (૫) વાંચો રે વાર્તા (બાળાવાર્તાઓ) (૬) વીરુની વાંસળી (બાળકાવ્યો) (૭) કલબલ કલબલ (બાળકાવ્યો) (૮) વાદળ ગાજે મોર નાછે (બાળકાવ્યો) (૯) કૂકડે કૂક (બાળવાર્તાઓ) (૧૦) મળે સૂરમાં સૂર (બાળવાર્તાઓ) (૧૧) તનમનિયાં (બાળકાવ્યો) (૧૨) ઝમકે - ચમકે (બાળકાવ્યો) (૧૩) બેની લડાઈમાં ચોથો ફાવે (બાળવ્યંગ) (૧૫) જંગલમાં મંગલ (બાળવાર્તાઓ) (૧૬) મમ્મી મમ્મી મોબાઈલ (બાળકાવ્યો) (૧૭) જેવું કામ તેવું પરિણામ (બાળવાર્તાઓ) (૧૮) છનાકાકાના છબરડા (બાળહાસ્ય) (૧૯) સવારના તડકામાં (બાળકાવ્યો) (૨૦) ઉમટી આવ્યા વાદળ (બાળજોડકણાં) જેવું માતબર બાળસાહિત્ય અને (૧) નટવર પટેલની શ્રેષ્ઠ બાળવાર્તાઓ (૨) ફિલિપ કલાર્કની શ્રેષ્ઠ બાળવાર્તાઓ અને (૩) મને ગમતી બાળવાર્તાઓનું સંપાદન પણ કરેલ છે.

ફિલિપ કલાર્ક દ્વારા તેમના સ્વમુખે પઠન કરાયેલ કવિતા, વ્યંગકાવ્ય અને ગઝલોના થોડાક અંશો, શેરને આપણી માણીએ.

(૧) 'ગઇકાલે લોકશાહીના પેટમાં'
સખત,
દુઃખાવો ઉપડ્યો.
ડોકટરે તપાસીને કહ્યું
પેટમાં
સત્તાની ગાંઠ છે.

(૨) કોઇને ગાંધીજી
મળે તો કહેજો કે
સત્ય અને
અહિંસાના માર્ગો પર
હવે અમે
બાંધી દીધા છે ઓવરબ્રિજ!

(૩) ઇંટ
પાયાની હવે
નીચે ખવાતી જાય છે,
ટોચ પર તો
ફરકતી રૂડી
ધજાઓ હોય છે.

(૪) વિચારોને આવતા રોકવા
કેટલી મજબૂત આડશો બાંધવી?
ક્યાંથી લાવવી ક્રેઇન
કે ઊંચકી શકાય મૌનને?
બંધ હોઠોને ખોલવા
ક્યાં બનાવડાવવી ચાવી?

(૫) તારી ઢળેલી આંખો
અને ભોંય ખોતરતો અંગૂઠો
મને બનાવી દે છે વિહવળ
હું તને ચાહું છું નારી
શાંતિ અને ધીરજ તું રેડે છે
મારામાં.

(૬) દીવા જેવી રાત હતી ને
કહેવા જેવી વાત,
બીડેલા બે હોઠ વચાળે
ગળતી ભીની ભાત
એક ભૂલેલી યાદ આવે
ને ભળવા લાગે આંખ,
આંખનું એનું બળવું
જાણે ફૂટે ઝીણી પાંખ

(૭) હું તને ના ચાહતો એવું નથી,
વ્યર્થ કૈં તપડવાનો એવું નથી
હાથ મારો એ રીતે ધ્રૂજી જતો,
જામને છલકાવતો એવું નથી.

(૮) રણમાં ઊગેલા એક છોડની આંખોમાં
જાગે વગડો જોવાનો કંક કોડ
રોજ રોજ રેતીમાં જોયા કરે છે એ
મૃગજળની ફેલાતી માયા
પાન એનાં પળપળ નાખ છે નિશાસા
ને ખુદમાં સમેટે છે છાયા

(૯) પાળવું પંપાળવું ને થાકવું,
વ્યર્થ પાછું ભીંત સામે તાકવું
જેમ ખીલે એમ કૈ ખરવું પડે,
કેટલીયે વાર આ સમજાવવું?

(૧૦) થાય છે એ ક્યાં બરોબર થાય છે,
ગોઠવો ઇંટો કદી ઘર થાય છે?
આપણો મોડા પડીને પૂછીએ,
થાય છે એક્યાં સમયસર થાય છે?

(૧૧) પળેપળ માણવા જેવી હતી;
જિંદગી આલિંગવા જેવી હતી.
રુપ એનાં રોજ બદલાતાં હતાં;
પામું તોયે પામવા જેવી હતી.
શ્વાસે શ્વાસે છોળ ને ભરતી હતા;
નાવ પાછી વાળવા જેવી હતી.
હાથ કેળવ આપણે લંબાવતાં;
લાગણી નિભાવવા જેવી હતી
સાવ અણથી દુશ્મની ઊભી કરી;
જાતને સમજાવવા જેવી હતી.

(૧૨) હસ્તી હો અમસ્તી જેવા થે ગયા,
મારથી દુરસ્તી જેવા થઇ ગયા.
કેટલા રોમાંસથી લખતા હતા?
પ્રેમપત્રો પસ્તી જેવા થૈ ગયા.

(૧૩) જેમની જુલ્ફો મહીં મારા ઉતારાઓ હતા,
રજ છે કે એમને મુજ ઘર બતાવી ના શક્યો!

આમ તેમની કવિતા, ગીત અને ગઝલમાં ઊભરાતી નાવિન્યતા, વેદના અને સંવેદનાનો સુમેળ, પ્રકૃતિનો મીઠો સ્પર્શ, જીવનના સંઘર્ષો વિગેરેની સુગંધની લ્હાણ સર્વેને નાણી, માણી અને વખાણી! છેલ્લે અજિતસિંહ ભટ્ટીએ અને સ્વાતિબેન શુક્લએ સ્વરચિત રચના રજૂ કરી અને સમગ્ર કાર્યક્રમનું સમાપન કરતી આભારવિધિ સંજય થોરાતે કરી.

- 'દધિ'